# ગુજરાત યુનિવર્સિટી
## એકેડેમિક વિભાગ
## RTI Act 4 (1)(kh)Pro-active Discloser
### (તા.૦૧-૧૦-૨૦૨૫ની અદ્યતન સ્થીતીએ)

એકેડેમિક વિભાગ દ્વારા થતી તમામ કાર્યવાહી બોર્ડ ઓફ મેનેજમેન્ટ ,એકિઝિક્યુટીવ કાઉન્સિલ,એકેડેમિક કાઉન્સિલ ઉચ્ચ સત્તા મંડળો સમક્ષ મંજૂરી અર્થે મુકવામાં આવે છે.

**૧.જાહેર સત્તામંડળનું વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજોની વિગતોઃ**

❖ **કોલેજ જોડાણઃ-**

(૧) એકેડેમિક વિભાગ દ્વારા કોલેજો- રેકોગ્નાઇઝડ ઇન્સ્ટીટ્યુશનને ના સૈધાંતિક- ચાલુ(એડહોક) -જોડાણ મેળવવાની અરજી પરત્વે માનનીય કુલપતિશ્રી દ્વારા એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC)વતી સ્થાનિક તપાસ સમિતિ(LIC)ના સભ્યોની નીયુક્તિ કરી LICસભ્યશ્રીઓને પત્રો દ્વારા જાણ કરી સ્થાનિક તપાસ સમિતિ(LIC)ના અહેવાલના આધારે મંજૂરી અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) એકેડેમિક વિભાગ દ્વારા કોલેજોને નવા કોર્ષની સૈધાંતિક - ચાલુ(એડહોક) જોડાણ મેળવવાની અરજી પરત્વે માનનીય કુલપતિશ્રી દ્વારા એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC)વતી સ્થાનિક તપાસ સમિતિ(LIC)ના સભ્યોની નીયુક્તિ LICસભ્યશ્રીઓને પત્રો દ્વારા જાણ કરી સ્થાનિક તપાસ સમિતિ(LIC) ના અહેવાલના આધારે મંજૂરી માટેની કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) એકેડેમિક વિભાગ દ્વારા કોલેજ-રેકોગ્નાઇઝડ ઇન્સ્ટીટ્યુશનને બંધ કરવાની અરજી અન્વયે માનનીય કુલપતિશ્રી દ્વારા એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC)વતી સ્થાનિક તપાસ સમિતિ(LIC)ના સભ્યોની નીયુક્તિ કરી LIC સભ્યશ્રીઓને પત્રો દ્વારા જાણ કરી સ્થાનિક તપાસ સમિતિ(LIC)ના અહેવાલના આધારે કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) એકેડેમિક વિભાગ દ્વારા કોર્ષ બંધ કરવા અરજી અન્વયે માનનીય કુલપતિશ્રી દ્વારા એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC)વતી સ્થાનિક તપાસ સમિતિ(LIC)ના સભ્યોની નીયુક્તિ કરી LIC સભ્યશ્રીઓને પત્રો દ્વારા જાણ કરી સ્થાનિક તપાસ સમિતિ(LIC)ના અહેવાલના આધારે કાર્યવાહી કરવામાં આવે છે.

(૫) એકેડેમિક વિભાગ દ્વારા સંલગ્ન કોલેજો-રેકોગ્નાઇઝડ ઇન્સ્ટીટ્યુશનની સ્થળ ફેરફાર કરવા અંગેની અરજી પરત્વે માનનીય કુલપતિશ્રી દ્વારા એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC)વતી સ્થાનિક તપાસ સમિતિ(LIC)ના સભ્યોની નીયુક્તિ કરી LIC સભ્યશ્રીઓને પત્રો દ્વારા જાણ કરી સ્થાનિક તપાસ સમિતિ(LIC)ના અહેવાલના આધારે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૬) શૈક્ષણિક વર્ષ૨૦૨૫-૨૬થી એકેડેમિક વિભાગ દ્વારા સંલગ્ન તમામ કોલેજોના જોડાણ (ચાલુ -સૈધાંતીક)અંગેની અરજી અન્વયે યુનિવર્સિટી દ્વારા જોડાણ માટે સર્ટીફીકેટ/ભલામણ ઉદયમ કોજન્ટ પોર્ટલ મારફત ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી મંજૂરીને આધીન આપવામાં આવે છે.

(૭) એકેડેમિક વિભાગ દ્વારા સ્નાતક કક્ષાના(SFI/Gov.) કોર્ષ **<u>(Annexure –A)</u>** તથા અનુસ્નાતક કક્ષાના (SFI) કોર્ષ અંગેના જોડાણ અંગેની અરજી આવ્યેથી અત્રેથી મંજૂરી અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. અનુસ્નાતક કક્ષાના કોર્ષની યાદી **<u>(Aneexure- B)</u>** તરીકે સામેલ છે.

**નોંધઃ-** ઉપરોક્ત મુદ્દાઓ (A તથા B સિવાયના અન્ય કોઈપણ કોર્ષ અંગેની જોડાણ અંગેની કાર્યવાહી એકેડેમિક વિભાગ દ્વારા કરવામાં આવતી નથી.)

(૮) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોએ ફીક્સડ ડિપોઝીટ(FD) પરનું વ્યાજ અંગે સંલગ્ન કોલેજો તરફથી અરજી આવ્યેથી એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC),એકેડેમિક કાઉન્સિલ(AC)ના ઠરાવના અનુસંધાને મળવાપાત્ર વ્યાજ આદેશ અનુસાર મંજૂર થયેથી સંસ્થાને વ્યાજ ઓડીટને આધિન આપવા હિસાબ વિભાગને જાણ કરવાની જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૯) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો બંધ થયેલ હોય અન્ય યુનિવર્સિટીમાં સંલગ્ન થયેલ હોય તો તે અંગે ટ્રસ્ટીની રજૂઆત આવ્યેથી તેઓની ડીપોઝીટ પરત કરવા અંગેની મંજૂરી મેળવી જરૂરી કાર્યવાહી કરી હિસાબ વિભાગને ઓડીટને આધીન કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(૧૦) એકેડેમિક વિભાગ દ્વારા તા.૧૩-૦૨-૨૦૧૪ એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC)ના ઠરાવ, તા.૨૧-૧૦-૨૦૧૩ એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC)ના ઠરાવ ના આદેશ અનુસંધાને પત્ર ક્રમાંક નં.એકેડેમિક/6717/2019 તા.03-10-2019 મુજબ Annexure -C ડેવલપમેન્ટ ફંડનો ડી.ડી.સ્વીકારવા અંગે હિસાબ વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવાની કામગીરી કરવામાં આવે છે.

(૧૦ અ) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અંગે લાગુ પડતી અપર કાઉન્સિલ,UGCના નિયમ મુજબ ઉચ્ચ સતા મંડળ દ્વારા કરવામાં આવતા આદેશ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે

(૧૦ બ) આદેશ મુજબ નિડ કમિટીની મીટીંગનું આયોજન તેને લગતી કાર્યવાહી કરવામાં આવે છે.

(૧૦ ક ) આદેશ મુજબ નિડ કમિટીની મીનીટસ અંગેની મંજૂરીની કામગીરી કરવામાં આવે છે. જે ઉચ્ચ સત્તા મંડળ સમક્ષ મંજૂરી મેળવવામાં આવે છે.

**(૧૦ ડ) નિડ કમિટીની મીનીટસ ના ઠરાવો મુજબ કરવાની થતી કાર્યવાહી તથા લાગુ પડતા અન્ય વિભાગને પત્ર પાઠવવાની કાઅર્યવાહી કરવામાં આવે છે.**

❖ **અધ્યાપક માન્યતા (અંડર ગ્રેજ્યુએટ (U.G.))**

(૧૧) એકેડેમિક વિભાગ દ્વારા ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં વિવિધ શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટે કોલેજો તરફથી આપવામાં આવતી અરજીઓ અન્વયે ઈન્ટરવ્યુંની તારીખ તથા સ્થળ,કુલપતિશ્રીના પ્રતિનિધી, ફાળવવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

(૧૨) એકેડેમિક વિભાગ દ્વારા ઉપરોક્ત બાબતે કાર્યવાહી પૂર્ણ થયેથી ઈન્ટરવ્યું મારફતે નિમણુંક પામેલ શૈક્ષણિક સ્ટાફની માન્યતા મેળવવા અંગે કોલેજ તરફથી આવતી અરજી અન્વયે (ઓર્ડિનન્સ-૯૭(U.G.)) અંતર્ગત શૈક્ષણિક સ્ટાફની માન્યતા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

(૧૩) એકેડેમિક વિભાગ દ્વારા ઓર્ડિનન્સ-૯૭(U.G.) અંતર્ગત સંલગ્ન કોલેજોના શૈક્ષણિક સ્ટાફની માન્યતા પ્રાપ્ત અધ્યાપકોના (કુલસચિવશ્રી સમક્ષ) રાજીનામું,/ફરજ મુકિત અંગેની રજૂઆત આવ્યેથી તે અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

(૧૪) એકેડેમિક વિભાગ દ્વારા શિક્ષણ વિદ્યાશાખા અંતર્ગત આવતી સંલગ્ન કોલેજોની અરજી આવ્યેથી શૈક્ષણિક સ્ટાફ પ્રોફાઈલ (એડહોક) મંજૂર કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

(૧૫) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના મેનેજમેન્ટ, અધ્યાપકો દ્વારા યુનિવર્સિટીને કોર્ટ કેસમાં પાર્ટી બનાવેલ હોય તો વકીલશ્રી નિમણુંક અંગેના આદેશ અનુસાર જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૧૬) એકેડેમિક વિભાગને લગતા ઉપરોક્ત બાબતોના કોર્ટ કેસો અંતર્ગત માનનીય કુલપતિશ્રી દ્વારા નિયુક્ત કરવામાં આવેલ વકીલશ્રીના બીલોની મંજૂરી મેળવી હિસાબ વિભાગને ઓડીટને આધીન કાર્યવાહી કરવા મોકલવામાં આવે છે.

❖ **બોર્ડ- ફેકલ્ટી ડીન, બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM), એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC), એકેડેમિક કાઉન્સિલ(AC):-**

(૧૭) મેડીકલ, ફીઝીયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓ તરફથી બીજા વર્ષમાં અન્ય યુનિવર્સિટીમાંથી ગુજરાત યુનિવર્સિટીમાં, ગુજરાત યુનિવર્સિટીમાંથી અન્ય યુનિવર્સિટીમાં ટ્રાન્સફર મેળવવા અંગે અરજી આવ્યેથી કાર્યવાહી કરવામાં આવે છે.

(૧૮) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા કોમન એકેડેમિક કેલેન્ડર જાહેર થયેથી સંલગ્ન કોલેજોમાં પરિપત્ર કરવામાં આવે છે તથા વેબસાઈટ ઉપર મુકવામાં આવે છે.

(૧૯) મેડીકલ, પેરા મેડીકલ વિદ્યાશાખા અંતર્ગત આવતા તમામ કોર્ષનું ઉનાળુ વેકેશન તથા દિવાળી વેકેશન અંગે મેડીસીન ફેક્લ્ટીના ડીનશ્રી દ્વારા રજૂઆત આવ્યેથી મંજૂરી મેળવવા અંગેની કાર્યવાહી કરી વેબસાઈટ ઉપર મુકવામાં આવે છે.

(૨૦) એકેડેમિક વિભાગ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિભાગો તથા ભવનોના અધ્યાપકશ્રીઓ પાસેથી માહિતી મેળવી સંકલન કરી વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૨૦ અ) સંસ્થા દ્વારા UGCમાં Autonomous Status ની અરજી કરાતા UGC દ્વારા ગુજરાત યુનિવર્સિટીનું NOC ની માગણી થતા પ્રતિનિધીશ્રીની નીમણુંક કરી તેની ભલામણ ના અધારે UGCને NOC અંગે ભલામણ કરવામાં આવે છે.

(૨૦ બ) UGC દ્વારા સંસ્થાને Autonomous Status મંજૂર થયેથી પરીપત્ર કરવામાં આવે છે.

(૨૧) યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન(UGC) દ્વારા Autonomous Status ધરાવતી સંસ્થાઓ તરફથી અરજી આવ્યેથી Autonomous સંસ્થાઓના સત્તામંડળોમાં ગુજરાત યુનિવર્સિટીના પ્રતિનિધીશ્રીની નિયુક્તિ અંગેની જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૨૨) એકેડેમિક વિભાગ દ્વારા યુનિફોર્મ સ્ટેચ્યુટસ અંતર્ગત સ્ટેચ્યુટસ-(૨૫) મુજબ બોર્ડ ઓફ સ્ટડીઝની રચના કરવા માટેની કાર્યવાહી આદેશ અનુસાર કરવામાં આવે છે.

(૨૩) એકેડેમિક વિભાગ દ્વારા બોર્ડ ઓફ સ્ટડીઝના અધ્યક્ષશ્રી તરફથી કરવામાં આવેલ રજૂઆતો/મીનીટસ મંજૂર કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.(NEP મુજબ)

(૨૪) એકેડેમિક વિભાગ દ્વારા બોર્ડ ઓફ સ્ટડીઝના અધ્યક્ષશ્રી/સભ્યશ્રી તરફથી મંજૂર કરવામાં આવેલ અભ્યાસક્રમ વેબસાઈટ ઉપર મૂકવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

(૨૫) બોર્ડ ઓફ સ્ટડીઝના અધ્યક્ષશ્રી દ્વારા મીટીંગ અંગેની મંજૂરી મેળવવાની અરજી પરત્વે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મીટીંગ થયેલ હોય તો હાજર સભ્યશ્રીઓની રજીસ્ટરમાં સહી લેવામાં આવે છે.

(૨૬) વિવિધ વિભાગો, સંલગ્ન કોલેજોને વખતો-વખત અભ્યાસક્રમ વેબસાઈટ ઉપરથી મેળવવા પરિપત્ર તથા ઈ-મેઈલ દ્વારા જાણ કરવામાં આવે છે.

(૨૭) એકેડેમિક વિભાગ દ્વારા યુનિફોર્મ સ્ટેચ્યુટ અંતર્ગત સ્ટેચ્યુટ- ૫ અન્વયે વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીની નિયુક્તી અંગેની કાર્યવાહી આદેશ અનુસાર કરવામાં આવે છે.

(૨૮) વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીઓની રજૂઆત/અરજી આવ્યેથી એકેડેમિક વિભાગ દ્વારા અંડર ગ્રેજ્યુએટ(U.G.)ને લગતી બાબતો અંગે ઘટતી કાર્યવાહી કરવામાં આવે છે.

(૨૯) એકેડેમિક વિભાગ દ્વારા ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ એક્ટ-૨૦૨૩ તથા યુનિફોર્મ સ્ટેચ્યુટસના આધારે ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ એક્ટ-૨૦૨૩ની કલમ- 14-બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM), કલમ 16-એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC), કલમ 18- એકેડેમિક કાઉન્સિલ(AC) અંતર્ગત આદેશ અનુસાર માહિતી એકત્રીકરણની કાર્યવાહી કરવામાં આવે છે.
(કલમ 14-બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM), કલમ 16-એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC), કલમ 18-એકેડેમિક કાઉન્સિલ(AC))

(૩૦) ઉપરોક્ત મુદ્દા નં.૨૯ અંતર્ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC),એકેડેમિક કાઉન્સિલ(AC)ની માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીના કાર્યાલય દ્વારા સભ્યશ્રીઓના નિમણુંક અંગેનું નોટીફીકેશન બહાર પાડયેથી સભ્યશ્રીઓને અભિનંદન પત્ર પાઠવવા માટેની કાર્યવાહી કરવામાં આવે છે.

(૩૧) નિયુક્ત તમામ સભ્યોની Contact Details વેબસાઈટ ઉપર મુકવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

(૩૨) એકેડેમિક વિભાગ દ્વારા માનનીય કુલપતિશ્રીના મૌખિક આદેશ અનુસાર બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC),એકેડેમિક કાઉન્સિલ(AC)ના મીટીંગના આયોજન અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

(૩૩) બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC),એકેડેમિક કાઉન્સિલ(AC)ની મીટીંગમાં બાબતો મુકવા અંગે વિવિધ વિભાગો તરફથી **(Annexure-C)** મુજબની વિગતો કુલપતીશ્રી-કુલસચિવશ્રીની સહી સાથે એકેડેમિક વિભાગમાં આવ્યેથી તમામ વિભાગોની બાબતોનું સંકલન કરી કુલપતિશ્રી-કુલસચિવશ્રી તથા સભ્યશ્રીઓ (BOM,EC,AC)સમક્ષ મુકવામાં આવે છે ત્યારબાદ આદેશ અનુસાર સંકલન કરેલ બાબતોનો એજન્ડા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

(૩૪) બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC),એકેડેમિક કાઉન્સિલ(AC)ની મીટીંગનો કુલપતીશ્રી- કુલસચિવશ્રી દ્વારા એજન્ડા મંજૂર થયેથી બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC),એકેડેમિક કાઉન્સિલ(AC)ના સભ્યશ્રીઓને એજન્ડા (ઈ-મેઈલ) કરવા માટે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરને જણાવવામાં આવે છે.

(૩૫) બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC),એકેડેમિક કાઉન્સિલ(AC)ની મીટીંગની મીનીટસ અંગેની કોઈપણ કાર્યવાહી એકેડેમિક વિભાગ દ્વારા કરવામાં આવતી નથી.

(૩૬) એકેડેમિક વિભાગ દ્વારા બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC),એકેડેમિક કાઉન્સિલ(AC) માટેની મીટીંગ ના એજન્ડા અંગે વિવિધ વિભાગો તરફથી મુદ્દા નં.૩૨માં જણાવ્યા મુજબ ફકત સંકલનની કામગીરી કરે છે. તેમાં દર્શાવેલ પરિશિષ્ટ કે બાબતો અંગે લાગુ પડતા વિભાગનો જ સંપર્ક કરવાનો રહે છે. તે અંગે સર્વે વિભાગોને જણાવવામાં આવે છે.

(૩૭) ઉપરોક્ત મુદ્દા નં ૩૬ બાબતે અન્ય વિભાગોની માહિતી એકેડેમિક વિભાગ દ્વારા પુરી પાડવામાં આવતી નથી.

(૩૮) બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC),એકેડેમિક કાઉન્સિલ(AC)ની મીટીંગ અંગેના એજન્ડા, મીનીટસ, પરિશિષ્ટ અંગે કુલસચિવશ્રીના કાર્યાલયના કાર્યક્ષેત્રમાં આવતું હોય તેનો સંપર્ક કરવાનો રહે છે.

(૩૯) એકેડેમિક વિભાગ દ્વારા એડમિશન અંગેની કામગીરી કરવામાં આવતી નથી.

(૪૦) એકેડેમિક વિભાગ દ્વારા સંલગ્ન કોલેજોની નીચે મુજબની વિગતો બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC), એકેડેમિક કાઉન્સિલ(AC)માં મંજૂરી અર્થે મૂકવામાં આવે છે.

- કોલેજના વર્ષવાર સ્થાનિક તપાસ સમિતિ(LIC)ના સભ્યોના નામ:-
- કોલેજની વર્ષવાર કોર્ષની મંજૂરીઃ-
- કોલેજની વર્ષવાર પ્રવેશ સંખ્યાની મંજૂરીઃ-
- કોલેજની વર્ષવાર મંજૂરીની મુદ્દતઃ-

(૪૧) ઉપરોક્ત મુદ્દા નં ૪૦ની તમામ બાબતોનો એકેડેમિક વિભાગ દ્વારા બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC),એકેડેમિક કાઉન્સિલ(AC)માં મંજૂરી અર્થે મુકવામાં આવે છે.

(૪૨) ઉપરોક્ત મુદ્દા નં ૪૦ની મંજૂર બાબતોની વિગતો જે-તે વર્ષ/તારીખની મીનીટસમાંથી મેળવવાની રહે છે. મીનીટસ કુલસચિવશ્રી કાર્યાલય દ્વારા વેબસાઈટ પર મુકવામાં આવે છે.

(૪૩) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીની નિયુક્તી અંગે નોટીફીકેશન વિભાગમાં મળ્યેથી તે અંગેનો પરીપત્ર જાહેર કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

**૨. અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોઃ**

- ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ-૨૦૨૩ મુજબ.
- ઉચ્ચ સત્તા મંડળના આદેશ મુજબ.

**૩. દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિઃ**

- ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ-૨૦૨૩ મુજબ.
- ઉચ્ચ સત્તા મંડળના આદેશ મુજબ.

**૪. કાર્યો બજાવવા માટે પોતે નક્કી કરેલા ધોરણોઃ**

- ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ-૨૦૨૩ મુજબ.
- ઉચ્ચ સત્તા મંડળના આદેશ મુજબ.

**૫. કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહો અને રેકર્ડસઃ**

- ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ-૨૦૨૩ મુજબ.
- ઉચ્ચ સત્તા મંડળના આદેશ મુજબ.

**૬. પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રકઃ**

| **ક્રમ.** | **દસ્તાવેજની કક્ષા** | **દસ્તાવેજનું નામ અને તેની એક લીટીમાં ઓળખાણ** | **દસ્તાવેજ મેળવવાની કાર્યપધ્ધતિ** | **નીચેની વ્યક્તિ પાસે છે/ તેના નિયંત્રણમાં છે** |
|---|---|---|---|---|
| ૧. | વિભાગીય કક્ષા | પરિપત્રો તથા ફાઈલો | એક્ટ હેઠળના નિયમો મુજબ હોય તો અન્યથા વિનંતીથી | શાખા અધિકારી |
| ૨. | ઉચ્ચ સત્તા મંડળો બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC),એકેડેમિક કાઉન્સિલ(AC) | બોર્ડ ઓફ મેનેજમેન્ટ (BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ (EC),એકેડેમિક કાઉન્સિલ (AC) ના એજન્ડા તથા પરિષિષ્ઠ | માન.કુલસચિવશ્રીનું કાર્યાલય | માન.કુલસચિવશ્રીનું કાર્યાલય |
| ૩. | ઉચ્ચ સત્તા મંડળો બોર્ડ ઓફ મેનેજમેન્ટ(BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ(EC),એકેડેમિક કાઉન્સિલ(AC) | બોર્ડ ઓફ મેનેજમેન્ટ (BOM),એક્ઝિક્યુટીવ કાઉન્સિલ (EC),એકેડેમિક કાઉન્સિલ (AC) મીનીટસ તથા પરિષિષ્ઠ | માન.કુલસચિવશ્રીનું કાર્યાલય | માન.કુલસચિવશ્રીનું કાર્યાલય |

૭. તેની નીતી ઘડતરના અથવા તેના અમલીકરણના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચારવિનિયમ માટે અથવા તેમના દ્વારા રજૂઆત માટેની વિદ્યમાન કોઈ વ્યવસ્થાની વિગતોઃ

- ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ-૨૦૨૩ મુજબ.

૮. તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યક્તિઓના બનેલા બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોનું પત્રક અને તે બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેની બેઠકોની કાર્યનોંધો લોકોને મળવાપાત્ર છે કે કેમ?

- ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ-૨૦૨૩ મુજબ.

૯. તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકાઃ

| ક્રમ. | નામ | હોદ્દો | સંપર્ક નંબર(કચેરી) | સરનામું |
|---|---|---|---|---|
| ૧. | ડૉ.પી.એમ. પટેલ | કા.કુલસચિવ | ૦૭૯-૨૬૩૦૧૩૪૧ | ગુજરાત યુનિવર્સિટી,કાર્યાલય, નવરંગપુરા અમદાવાદ |
| ૨. | શ્રી જે એફ.ભોયે | કા.મદદનીશ કુલસચિવ | ૦૭૯-૨૬૩૦૧૩૪૧ | યુનિવર્સિટી કાર્યાલય રૂમ.૩૩,નવરંગપુરા અમદાવાદ |
| ૩. | શ્રી એન.વાય. પંડયા | સેક્શન ઓફીસર | ૦૭૯-૨૬૩૦૧૩૪૧ | યુનિવર્સિટી કાર્યાલય રૂમ.૩૩,નવરંગપુરા અમદાવાદ |
| ૪. | શ્રી યુ. જે.વ્યાસ | હેડ કલાર્ક | ૦૭૯-૨૬૩૦૧૩૪૧ | યુનિવર્સિટી કાર્યાલય રૂમ.૩૩,નવરંગપુરા અમદાવાદ |
| ૫. | શ્રી ડી જી.મહેતા | જુનિયર કલાર્ક | ૦૭૯-૨૬૩૦૧૩૪૧ | યુનિવર્સિટી કાર્યાલય રૂમ.૩૩,નવરંગપુરા અમદાવાદ |

૧૦. તેના વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતાં માસિક મહેનતાણાઃ

| ક્રમ. | નામ | હોદ્દો | પે મેટ્રીક્સ લેવલ | વળતર/વળતર ભથ્થું | વિનિયમમાં જણાવ્યા મુજબ મહેનતાણું નક્કી કરવાની પધ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી જે એફ.ભોયે | કા.મદદનીશ કુલસચિવ | ૦૭ | - | નિયમ મુજબ |
| ૨. | શ્રી એન.વાય. પંડયા | સેક્શન ઓફીસર | ૦૭ | - | નિયમ મુજબ |
| ૩. | શ્રી યુ. જે.વ્યાસ | હેડ કલાર્ક | ૦૬ | - | નિયમ મુજબ |
| ૪. | શ્રી ડી જી.મહેતા | જુનિયર કલાર્ક | ૦૨ | - | નિયમ મુજબ |

૧૧. તમામ યોજનાઓ, સૂચિત ખર્ચ અને ચૂકવેલા નાણાં પરના અહેવાલોની વિગતો દર્શાવતી, તેની દરેક એજન્સીને ફાળવેલ અંદાજપત્રઃ

- એકેડેમિક વિભાગ હસ્તક આવી કોઈ કામગીરીનું અમલીકરણ થતુ ન હોઈ આવી કોઈ માહિતી ઉપલબ્ધ કરાવવાની થતી નથી.

૧૨. ફાળવેલ રકમો સહિત સબસીડી કાર્યક્રમોની અમલ બજવણીની રીત અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતોઃ

- એકેડેમિક વિભાગ હસ્તક આવી કોઈ કામગીરીનું અમલીકરણ થતુ ન હોઈ આવી કોઈ માહિતી ઉપલબ્ધ કરાવવાની થતી નથી.

૧૩. તેને આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારની વિગતોઃ

- એકેડેમિક વિભાગ હસ્તક આવી કોઈ કામગીરીનું અમલીકરણ થતુ ન હોઈ આવી કોઈ માહિતી ઉપલબ્ધ કરાવવાની થતી નથી.

૧૪. ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેની પાસેની માહિતીને લગતી વિગતોઃ

- એકેડેમિક વિભાગ હસ્તક આવી કોઈ કામગીરીનું અમલીકરણ થતુ ન હોઈ આવી કોઈ માહિતી ઉપલબ્ધ કરાવવાની થતી નથી.

**૧૫. જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય, તો તેવા ગ્રંથાલય અથવા તેના વાચનકક્ષના કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતોઃ**

- એકેડેમિક વિભાગ હસ્તક આવી કોઈ કામગીરીનું અમલીકરણ થતુ ન હોઈ આવી કોઈ માહિતી ઉપલબ્ધ કરાવવાની થતી નથી.

**૧૬. એકેડેમિક વિભાગના જાહેર માહિતી અધિકારીઓનું નામ, હોદ્દો અને બીજી વિગતોઃ**

ડૉ.પી.એમ.પટેલ રજીસ્ટ્રારશ્રી ગુજરાત યુનિવર્સિટી એકેડેમિક વિભાગ, રૂમ નં.૩૩, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯

**૧૭. અન્ય ઉપયોગી માહિતીઃ**

(૧) માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫(ગુજરાતી)

(૨) માહિતી અધિકાર નિયમો, ૨૦૧૦(ગુજરાતી)

(૩) ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટઃ www.gujaratuniversity.ac.in

(૪) જાહેર સત્તામંડળનું નામ તથા સરનામુઃ એકેડેમિક વિભાગ, રૂમ નં.૩૩, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

(૫) અરજી પત્રકની ફીઃ રૂ.૨૦/-(અંકે રૂપિયા વીસ પુરા)

(૬) અરજીપત્રકઃ અરજીપત્રકનું ફોર્મેટ નીચે આપેલ છે.

(૭) માહિતી મેળવવા માટેની અરજી કેવી રીતે કરવીઃ કાયદા હેઠળ રાજય સરકારે પ્રસિધ્ધ કરેલા નિયમોમાં સુચવ્યા મુજબ અરજી કરવી.

(૮) માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવે તેવા વખતે નાગરિકના અધિકાર અને અપીલ કરવાની કાર્યવાહીઃ
કાયદા હેઠળ રાજય સરકારે પ્રસિધ્ધ કરેલા નિયમોમાં સુચવ્યા મુજબ નિયત સમય મર્યાદા અને તેના ફોર્મેટમાં અપીલ અરજી કરવી.(અરજી પત્રકનું ફોર્મેટ નીચે આપેલ છે.)

(૯) માહિતીનો અધિકાર(સુધારા) અધિનિયમ,૨૦૧૯.

(૧૦) અગત્યના "નમૂના" ઓ(ફોર્મસ) https://gic.gujarat.gov.in/front-page/downloadfront.aspx.

(૧૧) ગુજરાત વિધાનસભા માહિતીનો અધિકાર નિયમો-૨૦૧૦ .
https//Gujarat.neva.gov.in/home/right to information(proactive disclosure of right to information (as on Dt.01/05/2024) (Page-99)

**<u>પ્રથમ અપીલ અધિકારીઃ</u>**

ડૉ.પી.એમ.પટેલ, પ્રથમ અપીલ અધિકારી અને કાર્યકારી કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

પ્રથમ અપીલમાં મળેલ નીર્ણયથી અસંતુષ્ટ નાગરિક બીજી અપીલ ગુજરાત માહિતી આયોગમાં કરી શકે છે.(અરજી પત્રકનું ફોર્મેટ નીચે આપેલ છે.)

**<u>દ્વિતીય અપીલ અધિકારીઃ</u>**

સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦(ગુજરાત)

(૧૨) લોકો દ્વારા પુછાતા પ્રશ્નો અને તેની જવાબોઃ

(૧૩) વધુ માહિતી માટે http://www.gujaratuniversity.ac.in વેબસાઈટની મુલાકાત લેવા વિનંતી.

# Annexure – A

## Bachelor Courses

- Bachelor of Science(Nursing)
- Post Basic Bachelor of Science (Nursing)
- Nurse Practitioner in Critical Care(N.P.C.C.)
- Bachelor of Physiotherapy(B.P.T.)
- Bachelor of Dental Surgery(B.D.S.)
- Bachelor of Education(B.Ed.)
- Bachelor of Commerce(B.Com.)
- Bachelor of Science(B.Sc.)
- Bachelor of Arts(B.A.)
- BS Bussiness Administration(B.B.A.)
- BS Computer Application(B.C.A.)
- Bachelor of Medicine, Bachelor of Surgery(M.B.B.S.)
- Bachelor of Law(LL.B)
- Bachelor of Optometry
- B.Com. LL.B.(Integrated)
- B.A. LL.B. (Integrated)
- B.B.A. LL.B. (Integrated)
- Bachelor of Prosthetics and Orthotics(B.P.O.)
- Bachelor of Rural Studies(B.R.S.)
- Bachelor of Homeopathic Medicine and Surgery(B.H.M.S.)
- Bachelor of Performing Arts(B.P.A.)
- Bachelor in audiology and Speech language therapy

# Diploma Courses

- Diploma in Community and Clinical Psychology(D.C.C.P.)
- Diploma Course in Educational Counselling (D.C.E.C.)
- Diploma Course in Child Parental Counselling(D.C.C.P.C.)
- Proffesional Diploma in Clinical Psychology(P.D.C.P.)
- Post-graduate Diploma in Rehabilitation Psychology(P.G.D.R.P.)

# Annexure – B

## Master Courses

- Master of Science (Nursing)
- Nurse Practitioner in Anaesthesia(N.P.A.)
- Nurse practitioner in Emergency and Trauma Care(N.P.E.T.)
- Master of Physiotherapy(M.P.T.)
- Master of Dental Surgery(M.D.S.)
- Master of Education(M.Ed.)
- Master of Medicine(M.D.)
- Master of Surgery(M.S.)
- Doctor of Medicine(D.M.)
- Master of Chirugiae(M.ch.)
- Master of Social Work(M.S.W.)
- Master of Optometry
- Master of Science in Medical Physics
- Master of Science in Cancer Biology
- Master of Science in Polimer Science
- Master of Performing Arts (M.P.A.)
- Master of Homeopathic Medicine (M.D.)
- M.Com. Valuation
- Master of Laws(LL.M.)

Annexure- C
Pro-active discloser
4(1)(kh)

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

નં.એકેડેમિક/ 6717 /૨૦૧૯

તા. -૦૯-૨૦૧૯
3-10-19

પરિપત્ર :

પ્રતિ,
આ યુનિવર્સિટી સાથે સંલગ્ન સ્વનિર્ભર તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ તેમજ ડીનશ્રીઓ.

વિષય : ડેવલપમેન્ટ ફંડ જમા કરાવવા અંગે.
સંદર્ભ : ૧. અમારો અગાઉનો પરિપત્ર નં.એકેડેમિક/૭૨૭૭/૨૦૧૩ તા.૧૮-૧૧-૨૦૧૩
૨. અમારો પરિપત્ર નં.એકેડેમિક/૯૮૪૧૦/૨૦૧૪ તા.૨૬-૦૨-૨૦૧૪
૩. અમારો પરિપત્ર નં.એકેડેમિક/૧૩૬૬૬/૨૦૧૬ તા.૩૧-૦૮-૨૦૧૬
૪. અમારો પરિપત્ર નં.એકેડેમિક/૩૫૫૯૫/૨૦૧૬ તા.૦૯-૧૨-૨૦૧૬
૫. અમારો પરિપત્ર નં.એકેડેમિક/૩૫૩૩૫/૨૦૧૮ તા.૨૦-૦૩-૨૦૧૮

શ્રીમાન/બહેનશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભમાં આદેશાનુસાર સાદર જણાવવાનું કે, આ યુનિવર્સિટીની એકઝીક્યુટીવ કાઉન્સિલ(ઈ.સી.)ની તા.૧૩-૦૨-૨૦૧૪ની સભામાં સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.

(૧)સેલ્ફ ફાઈનાન્સ કોલેજો પાસેથી એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૨૧-૧૦-૨૦૧૩ની સભામાં ડેવલપમેન્ટ ફંડ માટે Ordinance 120(b) (x)માં ઉમેરો કરવાનું મંજુર કર્યા મુજબ વિદ્યાશાખા પ્રમાણે નિયત કરેલ ડેવલપમેન્ટ ફંડ લેવાનું રાખવું. કોલેજના વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મની ફી સાથે જ વિદ્યાર્થી દીઠ લેવાનું થતું ડેવલપમેન્ટ ફંડની રકમ પણ કોલેજ યુનિવર્સિટીમાં જમા કરાવે ત્યારબાદ જ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ કરવાનું રાખવું.

વધુમાં જણાવવાનું કે એકેડેમિક કાઉન્સિલ અને એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા.૧૫-૦૨-૨૦૧૮ની બા.ક્ર.૩થી ડેવલપમેન્ટ ફંડ અંગેના સુધારાની બાબત વિચારણા અર્થે હતી જેમાં થયેલ ઠરાવ મુજબ ડેવલપમેન્ટ ફંડ જમા કરાવવા અંગે અત્રેથી તા.૨૦-૦૩-૨૦૧૮ના પત્રાંક એકેડેમિક/૩૫૩૩૫/૨૦૧૮થી પરિપત્ર કરવામાં આવેલ છે.

બેચલર ઓફ ઓપ્ટોમેટ્રી અને માસ્ટર ઓફ ઓપ્ટોમેટ્રી કોર્સ અને બી.જે.એમ.સી.કોર્સ જે નવો શરૂ થયેલ હોય તે માટે વાર્ષિક વિદ્યાર્થી દીઠ ડેવલપમેન્ટ ફંડ રૂ.૫૦૦૦/- લેવાનું રાખવું.

આપનો વિશ્વાસુ
(signature)
કાર્યકારી કુલસચિવ

(પાછળ)

Annexure - C
Pro-active disclosers
4(1)(kh)

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

**Every Self-Financing college applying for affiliation are required to make payment for development fund per annum on being granted affiliation as follow:-**

| Sr.No. | Course | Amount |
|---|---|---|
| 1 | Self-Finance B.Com., Arts, i.e.,B.A., LL.B. College | Rs.500/- Per Student Per Annum |
| 2 | Self-Finance B.Sc., Colleges | Rs.1000/- Per Student Per Annum |
| 3 | Self-Finance BBA College | Rs.1000/- Per Student Per Annum |
| 4 | Self-Finance BCA College | Rs.1250/- Per Student Per Annum |
| 5 | Self-Finance Medical College i.e., MBBS | Rs.10.00 Lacs Per Annum |
| 6 | Self-Finance Medical College PG Course i.e., MD, MS | Rs.10.00 Lacs Per Annum |
| 7 | Self-Finance Dental College i.e., BDS | Rs.6.00 Lacs Per Annum |
| 8 | Self-Finance Dental College PG i.e., MDS | Rs.6.00 Lacs Per Annum |
| 9 | Self-Finance Homeopathy Colleges (BHMS) | Rs.5.00 Lacs Per Annum |
| 10 | Self-Finance Nursing Colleges B.Sc.(N), M.Sc.(N) & Post Basic Nursing, | Rs.5000/- Per Student Per Annum |
| 11 | Self-Finance Physiotherapy and Optometry Colleges (BPT, MPT & B.Optometry and M.Optometry) | Rs.5000/- Per Student Per Annum |
| 12 | Self-Finance B.Ed. Colleges | Rs.1000/- Per Student Per Annum |
| 13 | Self-Finance M.Ed. Colleges | Rs.5000/- Per Student Per Annum |
| 14 | Self-Finance 5 year Integrated Law Colleges | Rs.5000/- Per Student Per Annum |
| 15 | Self-Finance Architecture Colleges (B.Arch.) | Rs.5.00 Lacs Per Annum |
| 16 | Self-Finance Interior Design Course | Rs.5000/- Per Student Per annum |
| 17 | Self-Finance MSW Course | Rs.2000/- Per Student Per annum |
| 18 | Self-Finance M.Sc. Course (Except HPP Programme) | Rs.2000/- Per Student Per Annum |
| 19 | Self-Finance DCCP/DCEC/DCCPC programme | Rs.500/- Per Student Per Annum |
| 20 | Self-Finance PGDRP Programme | Rs.2000/- Per Student Per Annum |
| 21 | Self-Finance NPCC Programme | Rs.5000/- Per Student Per Annum |
| 22 | Self-Finance BJMC Course | Rs.5000/- Per Student Per Annum |

Annexure-D

42-1000-05-2024

01\ACADEMIC\Job_Material.p3

બાબત ક્રમાંક : ........................

સભાની તારીખ : ........................

# ગુજરાત યુનિવર્સિટી

વિભાગ : ............................

અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

તા. ................ ૨૦ .

મે. સાહેબ,

નીચેની બાબત હવે પછી મળનાર બોર્ડ ઑફ મેનેજમેન્ટની સભામાં કામકાજની યાદીમાં સામેલ કરવા મંજૂરી આપશોજી.

કુલપતિશ્રીએ મંજૂર કરેલું કાર્ય જાણ સારું ☐

વિચારણા અર્થે ☐

કલાર્ક

વિભાગના વડા

કુલસચિવશ્રી

એસ.ઓ.

ઉપકુલપતિશ્રી

એ.આર./એ.

કુલપતિશ્રી

Annexure-D

43-1000-05-2024

01\ACADEMIC\Job_Material.p2

બાબત ક્રમાંક : ..............................

સભાની તારીખ : ..............................

# ગુજરાત યુનિવર્સિટી

વિભાગ : ..............................

અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

તા. ................. ૨૦ .

મે. સાહેબ,

નીચેની બાબત હવે પછી મળનાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં કામકાજની યાદીમાં સામેલ કરવા મંજૂરી આપશોજી.

કુલપતિશ્રીએ મંજૂર કરેલું કાર્ય જાણ સારું ☐

વિચારણા અર્થે ☐

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

કલાર્ક : વિભાગના વડા

કુલસચિવશ્રી

એસ.ઓ.

ઉપકુલપતિશ્રી

એ.આર./એ. કુલપતિશ્રી